# “સુરક્ષિત અને સમન્વિત શહેરો”

## ભારતીય શહેરોમાં ગરીબી, અસમાનતા અને હિંસા:
## સમન્વિત નીતિઓ અને આયોજન તરફ

**પ્રોજેક્ટ નોંધ**

સેન્ટર ફોર અર્બન ઇક્વિટી (CUE), સી.ઈ.પી.ટી. (CEPT) યુનિવર્સિટી અને ઇન્સ્ટિટ્યૂટ ફોર હ્યુમન ડેવલપમેન્ટ (IHD) ને 'ભારતીય શહેરોમાં ગરીબી, અસમાનતા અને હિંસા: સમન્વિત નીતિઓ અને આયોજન તરફ' ના વિષય પર સંશોધન માટે ઇન્ટરનેશનલ ડેવલપમેન્ટ રિસર્ચ સેન્ટર (IDRC), કેનેડા અને ડિપાર્ટમેન્ટ ઑફ ઇન્ટરનેશનલ ડેવલપમેન્ટ (DFID), યુ.કે. દ્વારા "સેફ એન્ડ ઇન્ક્લુઝિવ સિટિઝ (SAIC)" ના વૈશ્વિક કાર્યક્રમ હેઠળ ત્રણ વર્ષનો પ્રોજેક્ટ ફાળવવામાં આવેલ છે. આ સંશોધન કુલ ચાર શહેરોમાં આયોજિત કરવામાં આવેલ, જેમાં CUE દ્વારા અમદાવાદ અને ગુવાહાટી શહેરોને અને IHD દ્વારા દિલ્હી અને પટણા શહેરોને આવરી લેવામાં આવ્યા છે. ભારતીય શહેરોમાં બહિષ્કૃત શહેરી આયોજન અને શાસન કેવી રીતે ગરીબ પર અને ગરીબો દ્વારા હિંસાનું સ્વરૂપ ધારણ કરે છે તેનું વિશ્લેષણ આ સંશોધનનો મુખ્ય હેતુ છે.

CUEના સંશોધનમાં માળખાગત હિંસા (સાધનસામગ્રીની વંચિતતા, અસમાનતા), પ્રત્યક્ષ હિંસા (પ્રત્યક્ષ રીતે પહોંચાડવામાં આવેલી શારીરિક કે માનસિક ઈજા), તકરાર અને વિવિધ પ્રકારના ગુનાની શહેરી આયોજન અને શાસન  સાથેની કડીઓને ચકાસતો વિસ્તૃત અભિગમ લેવામાં આવ્યો છે. અહીં નોંધ લેવી જરૂરી છે કે તમામ પ્રકારની હિંસાને ગુના માનવામાં આવતા નથી (ઉદાહરણ તરીકે, સરકાર દ્વારા થતી હિંસા), તેમજ તમામ પ્રકારના ગુનાને હિંસા માનવામાં આવતી નથી (જેમકે, ચોરી).

ગુજરાત રાજ્યનાં સૌથી મોટા શહેર એવા અમદાવાદમાં આ સંશોધનમાં બે ગરીબ વિસ્તારોને કેન્દ્રમાં રાખવામાં આવ્યા છે: શહેરના દક્ષિણ વિભાગમાં સ્થિત મુસ્લિમ વસ્તી ધરાવતો અનૌપચારિક વિસ્તાર એવો બોમ્બે હોટલનો મહોલ્લો, તેમજ વિવિધ શહેરી પ્રોજેક્ટ્સને કારણે હટાવી દેવાયેલ ઝૂંપડપટ્ટીઓના પુનર્વસન માટે વપરાયેલા શહેરના અગ્નિ ખૂણે સ્થિત વટવામાં જવાહરલાલ નેહરૂ નેશનલ અર્બન રિન્યુઅલ મિશન (JnNURM) ના 'બેઝિક સર્વિસિસ ટુ ધ અર્બન પૂઅર' (BSUP) કાર્યક્રમ હેઠળ બનાવવામાં આવેલ સરકારી આવાસો.

**CUE સંશોધન ટીમ (અમદાવાદ)**:દર્શિની મહાદેવિયા, રેણુ દેસાઈ, શચિ સંઘવી, સુચિતા વ્યાસ, રફી મલેક, મોહમદ શરીફ મલેક,

## અમદાવાદ પૉલિસી બ્રીફ ૭

## બોમ્બે હોટલ: અનૌપચારિક વ્યાપારી રીતે વિકાસ પામેલ રહેણાંક વિસ્તારમાં મૂળભૂત સેવાઓની પ્રાપ્તિ માટે થતા રોજબરોજના સંઘર્ષ

શહેરમાં આવેલા સરખેજ-નારોલ હાઈવે પર પિરાણા ગાર્બેજ ડમ્પની પાસે આવેલા બોમ્બે હોટલ વિસ્તારમાં લગભગ 25000 મુસ્લિમ પરિવારો રહે છે. લગભગ એક ચો. કિ.મી મીટર જેટલા વિસ્તારમાં ફેલાયેલી આ અનૌપચારિક વસાહત બહેરામપુરા અને લાંભા મ્યુનિસિપલ વોર્ડના કાર્યક્ષેત્રમાં આવેલી છે.

આ એવી પ્રક્રિયાઓનું પરિણામ છે જેમાં જુહાપુરાથી રામોલ સુધીનો શહેરનો દક્ષિણ છેડો મુસ્લિમ વિસ્તારમાં ફેરવાયો. ૧૯૮૫થી શહેરમાં કોમી રમખાણોને કારણે હિંદુઓએ હિંદુ વસ્તીવાળા વિસ્તારોમાંથી મુસ્લિમોને દૂર રાખવાનું શરૂ કર્યું. ત્યારથી અને ખાસ કરીને ૨૦૦૨ પછી બંને કોમ વચ્ચે સામાજિક-સ્થાનિક અંતર વધતું ગયું. પરિણામે મુસ્લિમોએ પોતાની સુરક્ષા માટે મુસ્લિમ વિસ્તારોમાં જ રહેવાનું પસંદ કર્યું. આમ શહેરના દક્ષિણ વિભાગના કેટલાક વિસ્તારોમાં તેમનું એકત્રીકરણ થયું. ઓછી આવક ધરાવતા મુસ્લિમો બૉમ્બે હોટલ જેવા અનૌપચારિક વ્યાપારી રીતે વિકાસ પામેલ રહેણાંકમાં સમાવેશ થયા. શહેરના આવા ગરીબ અને ઓછી આવક ધરાવતા મુસ્લિમોને પરવડે એવા મકાનો બનાવવાની બિલ્ડરોને અહીં તક મળી. એમણે અનૌપચારિક રીતે ખેડૂતો પાસેથી જમીન ખરીદી. એ જમીનને પ્લોટમાં વિભાજીત કરી દીધી. આયોજન તેમજ વિકાસ અંગે કોઈ પણ પ્રકારની પરવાનગી લીધા વિના ત્યાં મકાનો બાંધીને અનૌપચારિક રીતે તેને વેચી પણ દીધાં.

આ પૉલિસી બ્રીફમાં કલ્યાણકારી રાજવ્યવસ્થાની અનુપસ્થિતિ અને સવલતો પૂરી પાડતા અનૌપચારિક બિનરાજકીય લોકોના ઉદભવ વિષે પ્રકાશ પાડવામાં આવ્યો છે. આ પોલીસી બ્રીફમાં હાલમાં સરકારે હાથ ધરેલી ગતિવિધિઓ પર પણ પ્રકાશ પાડવામાં આવ્યો છે. આ ત્રણેય કારણોને લીધે મૂળભૂત સેવાઓ અને સવલતોથી લોકોની વંચિતતા તેમજ એમાંથી ઉદભવતા સંઘર્ષ અને હિંસાના મૂળને સમજવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.




મ્યુનિસિપલ વોર્ડ રેખા (૨૦૧૪)

**કલ્યાણકારી રાજવ્યવસ્થાની અનુપસ્થિતિ અને સેવાઓની જોગવાઈમાં અનૌપચારિક બિનરાજકીય લોકોનો ઉદ્‌ભવ**

બિલ્ડરોએ ખેડૂતો પાસેથી ખેતીની જમીન ખરીદી લીધી. સમય અને પૈસા બચાવવા માટે એમણે આ જમીનને બિનખેતી (NA) ના ઉપયોગ માટે રાજ્ય પાસેથી મંજૂરી લીધી નહીં. અને સોસાયટીઓનું બાંધકામ શરૂ કરી દીધું. વધુમાં, બિલ્ડરોએ સ્ટેમ્પ પેપર અથવા પાવર ઓફ અટોર્ની ઉપર જમીન ખરીદી અને સ્ટેમ્પ પેપર પર ટેનામેન્ટ અને પ્લોટ વેચી પણ દીધા. આથી, ૭/૧૨ના ઉતારા પ્રમાણે આ જમીન આજે પણ ખેડૂતોની માલિકીની જ ગણાય છે. આ જમીન પર બાંધકામ કરતાં પહેલાં બિલ્ડરો અને રહીશોએ બાંધકામ અને વિકાસ માટેની નો-ઓબ્જેક્શન સર્ટિફિકેટ (NOC) જેવી કોઈ પણ પ્રકારની મંજૂરી લીધી નથી.

બૉમ્બે હોટલ વિસ્તારની અનૌપચારિકતાઓ, મોટાભાગના રહેવાસીઓ દ્વારા મિલકત વેરાની ન કરવામાં આવેલી ચૂકવણી તથા આ વિસ્તાર માટે જરૂરી ટાઉન પ્લાનિંગ સ્કીમ (TPS) નો અભાવ એ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન આ વિસ્તારમાં મ્યુનિસિપલ સેવાઓ અને સવલતો પૂરી ન પાડવા માટેના મુખ્ય કારણો દર્શાવે છે. કલ્યાણકારી રાજવ્યવસ્થાની અનુપસ્થિતિને કારણે એક પ્રકારનો શૂન્યાવકાશ સર્જાયો. તેમાં અનૌપચારિક બિનરાજકીય લોકોનો ઉદ્‌ભવ થયો અને એમણે મળીને સેવા પૂરી પાડનારાઓની ભૂમિકાને દૃઢ કરી. સેવાઓ મેળવવા માટે આવા અનૌપચારિક બિનરાજકીય લોકો પર રાખવા પડતા આધારને લીધે રહીશોની જીંદગીમાં અનેક પ્રકારના સંઘર્ષ અને હિંસા ઉત્પન્ન થાય છે,

**અનૌપચારિક સેવાઓ અને રાજ્ય વચ્ચેનો સંબંધ**

સોસાયટીઓમાં પ્લોટ કે ટેનામેન્ટ બનાવવાની સાથે-સાથે અનેક બિલ્ડરોએ બોરવેલ, ખાળકૂવા તેમજ ગટરની લાઈનો જેવી માળખાગત સવલતો પણ ઊભી કરી આપી. આ બોરવેલમાંથી રહીશોને પાણી પહોંચાડવા માટે એમણે ઓપરેટરની પણ નિમણૂંક કરી. ઊપરાંત સરકારી સેવાઓના અભાવને કારણે સ્થાનિક ગુંડા તેમજ શક્તિશાળી રહીશો પણ આ સેવા પૂરી પાડનારા બની ગયા. આ વિસ્તારમાં કલ્યાણકારી રાજવ્યવસ્થાની અનુપસ્થિતિને કારણે આ બધા અનૌપચારિક સેવા પૂરી પાડનારાઓનું મહત્વ વધી ગયું છે. નોંધપાત્ર છે કે અનૌપચારિક સેવા પૂરી પાડનારા અનેક લોકો બાહુબળ અને રાજનીતિક કાર્યકર્તાઓ અને રાજકારણીઓ સાથેના પોતાના સંબંધોને જોરે સત્તા અને શક્તિ મેળવે છે. આથી દરેક વ્યક્તિ બોરવેલ બનાવીને પાણીના અભાવને વ્યવસાય માટેના અવસરમાં પલટી શકતી નથી. સામાન્ય રીતે, ગુંડાઓ અને/અથવા રાજકારણીઓ સાથે સાંઠગાંઠ ધરાવતા લોકો જ બૉમ્બે હોટલ વિસ્તારમાં બોરવેલ બાંધવાનું સાહસ કરીને એને સફળતાપૂર્વક ચલાવી શકે છે.

વધુમાં, આટલા વિશાળ અને અનૌપચારિક તંત્રનું સંચાલન રાજ્યની સમંતિ અને આંખમીચોણા વગર શક્ય નથી. એક મ્યુનિસિપલ અધિકારીએ કહ્યું કે અ.મ્યુ.કો.ને બૉમ્બે હોટલ વિસ્તારમાંના બોરવેલ્સ વિશે જાણ છે. પરંતુ તે પોતે એ વિસ્તારમાં પૂરતું પાણી પહોંચાડવા સક્ષમ નથી. આથી ગેરકાયદેસર રીતે ભૂગર્ભજળ ખેંચીને વેચવા સામે તે કોઈ પગલાં લેતું નથી. દૂષિત પાણી પીવાથી અહીંના કેટલાક લોકો મૃત્યુ પામ્યા, ત્યારે અ.મ્યુ.કો. એ અહીંથી પાણીના નમૂના પણ લીધા હતા. પરંતુ નમૂના લીધા પછી અ.મ્યુ.કો. દ્વારા કશાં પગલાં લેવામાં આવ્યાં નથી. આથી, એ સુપેરે જાણે છે કે આ બોરવેલમાંથી લોકોને અપાતું પાણી દૂષિત છે. કેટલાક રહીશોને શંકા છે કે સરકાર અને

બોરવેલ માલિકો વચ્ચે સાંઠગાંઠ છે અને અ.મ્યુ.કો. દ્વારા મ્યુનિસિપલ પાણી પૂરું ન પાડવાનું એક કારણ એ છે કે આમ કરવાથી બોરવેલ માલિકોનો લાભ રળી આપતો વ્યવસાય નષ્ટ થઈ જાય.

વીજળીની જોગવાઈ જોઈએ તો ટોરન્ટ પાવર શહેરમાં વીજળી પૂરી પાડતી એક ખાનગી કંપની છે. ગેરકાયદે વીજળી પૂરી પાડતા લોકો આ કંપનીનાં સૂત્રો સાથે સંપર્ક ધરાવે છે. તેને કારણે છાપો મારવામાં એ અગાઉ તેમને કંપનીમાંથી જાણ કરી દેવામાં આવે છે.

**અભાવ અને સંઘર્ષ તરફ દોરી જતી અનૌપચારિક બિનરાજકીય લોકો દ્વારા પૂરી પાડવામાં આવતી સેવાઓની યોગ્યતા અને પદ્ધતિઓ**

બૉમ્બે હોટલ વિસ્તારના રહેવાસીઓ માટે અભાવ અને સંઘર્ષનો સૌથી મોટો સ્રોત છે પાણીની જોગવાઈ અને તેની પ્રાપ્તિને લગતી ગતિવિધિઓ. રહીશો અને પાણી પૂરું પાડતા લોકો વચ્ચે તેમજ રહીશોમાં અંદર અંદર પણ સંઘર્ષ થાય છે. ગટરની અનૌપચારિક જોગવાઈ દ્વારા ઊભી થયેલી નબળી ગટરવ્યવસ્થાને લઈને રહીશોમાં સંઘર્ષ અને સ્વાસ્થ્યના પ્રશ્નો પેદા થાય છે. ગેરકાયદે વીજળી પૂરી પાડવા બાબતે પણ, ખાસ કરીને માસિક ભાડાની ચૂકવણીના મુદ્દે રહીશો અને સપ્લાયરો વચ્ચે સંઘર્ષ પેદા થાય છે.

**પાણી અને વીજળીની જોગવાઈમાં વિસ્તાર પર હક્ક**

બૉમ્બે હોટલના અનૌપચારિક સપ્લાયરો, ખાસ કરીને પાણી અને વીજળીના સપ્લાયરો, અમુક વિસ્તારની ચુસ્ત હદમાં જ કામ કરતા હોય છે. એક સોસાયટીના રહીશોને પાણી પૂરું પાડતા બોરવેલ માલિકો બીજી સોસાયટીના રહીશોને પાણી પહોંચાડશે નહીં. બોરવેલ ઓપરેટરોમાં આ બાબતે એક પ્રકારની સમજણ હોય છે, જેથી તેઓ પોતાને થતા નફાનું પ્રમાણ જાળવી શકે. આને કારણે, પાણીની મોટર ખરાબ થઈ જાય, ત્યારે લોકોએ પાણીની તંગીનો સામનો કરવો પડે છે. ખાસ કરીને ઊનાળામાં પાણીનું સ્તર નીચું જાય ત્યારે લોકોને ઘણા દિવસો સુધી સળંગ પાણીના અભાવમાં જીવવું પડે છે. રહીશો અન્ય સોસાયટીઓમાં રહેતા પોતાના મિત્રો માટે પાણી ભરે, તો બોરવેલ ઓપરેટરો એમને પાણીનો પુરવઠો કાપી નાંખવાની ધમકી આપે છે. ક્યારેક કોઈ રહીશને ઓપરેટર સાથે બોલાચાલી થાય, તો તેઓ બીજો ઓપરેટર બદલી શકતા નથી; કારણ કે અન્ય બોરવેલનો ઓપરેટર એમને પાણી આપશે નહીં. પરિણામે રહીશો પાસે ચૂપચાપ શોષિત થયા કરવા અને પોતપોતાના બોરવેલ ઓપરેટરોની અનિયમિતતા સહન કરવા સિવાય બીજો કોઈ વિકલ્પ રહેતો નથી.

**નફાના હેતુ**

પાણી, ગટર તથા વીજળી જેવી અતિ મહત્વની સુવિધાઓ પૂરી પાડવાનો અનૌપચારિક બિનરાજકીય લોકોનો હેતુ પૂર્ણપણે નફાકેન્દ્રી જ હોય છે. રહીશોની સુખાકારી અને સલામતી સાથે એમને કોઈ લેવાદેવા નથી.

અનૌપચારિક વોટર સપ્લાયરો પાણી માટે ૨૦૦ થી ૨૫૦ રૂપિયાનું માસિક ભાડું વસૂલ કરે છે, પણ એ પાણીની ગુણવત્તા સારી હોતી નથી [પાસેના ગાર્બેજ ડમ્પ (કચરાના ઢગલા) અને ઉદ્યોગોએ ભૂગર્ભજળને દૂષિત કરી નાખ્યું છે]. ઊપરાંત ઘણીવાર નિયમિતપણે પાણી પૂરું પાડવામાં પણ આવતું નથી. અહીં આવેલી કેટલીક મસ્જિદોના બોરવેલમાંથી પાસેના વિસ્તારોમાં રહેતા લોકોને વહેંચવામાં આવતા પાણી બાબતે પણ આમ બને છે. વધુમાં,

મસ્જિદો એવો દાવો કરે છે કે પાણીના પુરવઠામાંથી મળતા નફાનો ઉપયોગ મસ્જિદના જતન અને જાળવણી માટે કરવામાં આવે છે. આમ છતાં, એવા કિસ્સા બન્યા છે કે જેમાં મસ્જિદના કોઈ પદાધિકારીએ અપ્રમાણિકતા રીતે આ પૈસા લઈ લીધા છે.



બોરવેલ દ્વારા પાણી દર આંતરે દિવસે ફક્ત ૧૫-૨૦ મિનીટ માટે જ આપવામાં આવે છે જે રહિશોની જરૂરીયાત પૂરતું નથી



ચોમાસામાં અપૂર્ણ ગટરના લીધે આંતરિક રસ્તાઓ પાણીથી ભરાઈ જાય છે

અનૌપચારિક બિનરાજકીય લોકોએ ગટરની સુવિધા પૂરી પડવાના પૈસા લીધા છે પરંતુ એની જાળવણી પ્રત્યે કોઈ જવાબદારી લેતા નથી. ઉદાહરણ તરીકે, શરૂઆતમાં બિલ્ડરોએ ચાર-પાંચ પરિવારો વચ્ચે ગટર માટેના ખાળકૂવા બનાવીને આપ્યા હતા. બિલ્ડરોએ એની લાંબા સમયની જાળવણી પર ધ્યાન ન આપ્યું અને એ ખાળકૂવાઓને આસપાસના ઉદ્યોગોની ગટરની લાઈનો સાથે ગેરકાનૂની રીતે જોડી દીધા. પરિણામે, વધતી જતી વસ્તીની સામે ગટરો અને ખાળકૂવાઓની માત્રા ઓછી થવાને કારણે તે વારંવાર ઊભરાઈ જતી. એને કારણે અહીંનું વાતાવરણ દૂષિત થવા લાગ્યું.

ઝૂંપડપટ્ટી વિસ્તાર માટેની યોજના હેઠળ ટોરેન્ટ પાવર આ વિસ્તારમાં વીજળી પૂરી પાડે છે, પણ કેટલાક લોકો માટે તેનો દર ઘણો ઊંચો છે. ઘણી વાર એવું પણ લાગે કે વીજળીના વપરાશની સામે એનાં બિલ અનેકગણાં વધારે હોય છે. ઘણા રહીશો માટે મીટર લગાવવાના ખર્ચા ભારે પડતા હોવાથી તેમને મીટર લગાવવું પોસાય એમ નથી. પરિણામે મોટા ભાગના રહીશો ગેરકાનૂની રીતે વીજળી પૂરી પાડતા સપ્લાયરો તરફ વળે છે, જેઓ માસિક ૨૦૦ થી ૨૫૦ રૂપિયા વસૂલે છે. સીવણ મશીન જેવાં ઉપકરણોનો ઉપયોગ કરનારા લોકો વીજળી વધુ વાપરતા હોઈ એમણે થોડું વધુ ભાડું ભરવું પડતું હોય છે. ટોરેન્ટ તરફથી પૂરી પાડવામાં આવતી વીજળી કરતાં આ ભાડાં ઘણા ઓછાં તો છે પણ અનૈતિક રીતે વીજળી પૂરી પાડનારા સપ્લાયરોને લોકોની સુરક્ષા સાથે કોઈ લેવાદેવા નથી. જીવંત વાયરોને

અડી જતાં ઈજા પામેલા અનેક રહીશો, ખાસ કરીને નાનાં બાળકોનો આ સપ્લાયરો દ્વારા કોઈ ઇલાજ કરવામાં આવતો નથી.

પરિણામે, ખાનગી સફાઈકર્તાઓને બોલાવીને નિયમિતપણે ખાળકૂવાઓને ખાલી કરાવવાનો ખર્ચો ઊઠાવતા રહીશો વચ્ચે અવારનવાર ઝઘડા થતા હોય છે. ગટરમાંથી નીકળતા ઘન કચરાને કારણે પણ રહીશો વચ્ચે તકરાર થાય છે. કેમ કે, આ વિસ્તારમાં ઘન કચરાના નિકાલનું યોગ્ય વ્યવસ્થાપન ન  હોવાથી મોટા ભાગનો કચરો લોકો શેરીઓમાં કે અહીં આવેલા તળાવોમાં નાખી દે છે. ખુલ્લી ગટરોમાં પડી જઈને મૃત્યુ પામનારા બાળકોના કિસ્સા પણ અહીં નોંધાયા છે. વધુમાં, ઊભરાયેલી ગટરમાંનું પાણી બોરવેલમાં જાય છે અને એ પાણીને પણ દૂષિત કરે છે, જેના કારણે લોકોના સ્વાસ્થ્ય પર જોખમ તોળાય છે.

**અનૌપચારિક સપ્લાયર્સની જબરદસ્તીભરી પદ્ધતિઓ**

બૉમ્બે હોટલના અનૌપચારિક વોટર સપ્લાયર્સ રહીશો સાથેના રોજિંદા વ્યવહારમાં હિંસક વર્તન અને પદ્ધતિઓનો ઉપયોગ કરે છે. વિકલ્પોના અભાવે રહીશોની લાચારી બેવડાય છે. સપ્લાયરો દ્વારા કરવામાં આવતા આર્થિક શોષણની સાથે-સાથે લોકોએ ધમકી, સખ્તી તેમજ અપશબ્દોનો પણ સામનો કરવો પડે છે. અહીંના અનેક રહીશોનો ગુજારો દૈનિક વેતન પર ચાલતો હોવાથી ઘણી વાર તેઓ સપ્લાયરોને નિયત સમયે માસિક ભાડું ચૂકવી શકતા નથી. પરિણામે સપ્લાયરો એમને પાણી અને વીજળીનાં જોડાણ કાપી નાખવાની ધમકી આપે છે. એક મહિલાએ પાણી સપ્લાયરના વર્તનને ‘શાબ્દિક અત્યાચાર’ તરીકે વર્ણવ્યું. દૈનિક ધોરણે પૂરી પાડવામાં આવતી આ સેવાઓ સાથે સંકળાયેલા ઓપરેટરો નશીલાં દ્રવ્યો કે દારૂનું સેવન કરીને મોટા ભાગે મહિલા રહીશો સાથે માથાકૂટ કરે ત્યારે આ અત્યાચાર વધુ ઉગ્ર બની જાય છે.

> *એક સોસાયટીમાં કોઈ સ્થાનિક આગેવાને એક રાજકારણીને બોરવેલ ઓપરેટર દ્વારા દૂષિત પાણી પૂરું પાડવામાં આવતું હોવાની ફરિયાદ કરી. રોષે ભરાઈને ઓપરેટરે લોકોને પાણી આપવાનું જ બંધ કરી દીધું. પાણીની વંચિતતા માટે લોકો સ્થાનિક આગેવાનને જવાબદાર ઠેરવ્યા. એમનું માનવું હતું કે તેણે રાજકારણીને આ વિશે ફરિયાદ ન કરી હોત તો એમને પાણીથી વંચિત ન રહેવું પડત.*

**મૂળભૂત સેવાઓની જોગવાઈમાં રાજ્યની ભૂમિકા અંગેની ગતિવિધિઓ**

**ઉપેક્ષિત નાગરિકો અને રાજવ્યવસ્થા સુધીની પહોંચ**

સરકાર દ્વારા પૂરી પાડવામાં આવતી સેવાઓ મેળવવા માટે રહીશો દ્વારા કરવામાં આવેલા પ્રયત્નો રાજવ્યવસ્થાનો બૉમ્બે હોટલ જેવા વિસ્તારો પ્રત્યેનો પૂર્વગ્રહ દર્શાવે છે. ઘણા વર્ષોથી અહીં રહેતા લોકોની દરિદ્ર જીવનશૈલી અંગે રજૂઆત કરવા અમુક રહીશોએ અ.મ્યુ.કો. ના કેટલાય ધક્કા ખાધા છે. છતાં સરકારી અધિકારીઓ તરફથી એમને તિરસ્કારનો જ સામનો કરવો પડ્યો છે. એક સ્થાનિક આગેવાને જણાવ્યું કે તેમણે અ.મ્યુ.કો.ની ઑફિસમાં ઘન કચરાની સમસ્યાઓનું નિરાકરણ લાવવાની વાત કરી ત્યારે એમને ઑફિસની બહાર ધકેલી દેવામાં આવ્યા હતા. અન્ય એક કિસ્સામાં ભારતીય જનતા પાર્ટીના નેતાએ એક સ્થાનિક આગેવાનને કહ્યું કે આ વિસ્તારના વિકાસ માટે પાર્ટીએ કોઈ પણ પ્રકારનું ભંડોળ આપ્યું નથી. અમુક રહીશોનું એવું પણ માનવું છે કે આ વિસ્તારમાં રાજ્ય સરકાર

દ્વારા સુવિધાઓ પૂરી ન પાડવાનું એક માત્ર કારણ અનૌપચારિક બાંધકામ જ નથી, પરંતુ અહીંના રહીશો મુસ્લિમ હોવાનું પણ છે.

## બિન-સરકારી સંસ્થોના પ્રયત્નો

૨૦૦૨ના રમખાણોના પુન:સ્થાપિત રમખાણ પીડિતો માટે ‘આંતરિક વિસ્થાપિત હક રક્ષક સમિતિ’ દ્વારા સુપ્રીમ કોર્ટમાં જાહેર હિતની અરજી કરવામાં આવી હતી. પરિણામે, ૨૦૦૪માં સુપ્રીમ કોર્ટના આદેશ મુજબ બોમ્બે હોટેલના સિટીઝન નગરમાં અ.મ્યુ.કો. દ્વારા કેટલીક મૂળભૂત સુવિધાઓની જોગવાઈ કરવામાં આવી. સિટીઝન નગરને મુખ્ય રસ્તા સાથે જોડતો રોડ પાકો બનાવવામાં આવ્યો, જેનાથી આજુબાજુની સોસાયટીઓને પણ લાભ મળ્યો. એ પછી ગટરની લાઈનો અને પાણીના ટેન્કરોની સુવિધાઓ પણ આપવામાં આવી.

અ.મ્યુ.કો. પાસે મૂળભૂત સેવાઓની માંગણી કરવા માટે બૉમ્બે હોટલ વિસ્તારના રહેવાસીઓને સંગઠિત કરવામાં સંચેતના અને સેન્ટર ફ઼ોર ડેવલોપમેન્ટ (CfD) જેવી બિનસરકારી સંસ્થાઓએ ખૂબ મહત્વની ભૂમિકા ભજવી છે.

## સ્થાનિક આગેવાનો, રાજકીય આશ્રય અને આશ્રિતપણું

ઉપેક્ષિત નાગરિકો હોવા છતાં કેટલાક રહીશો સતત અને અથાગ પ્રયત્નો દ્વારા સ્થાનિક મ્યુનિસિપલ અધિકારીઓ સાથે સારા સંબંધો કેળવી શક્યા છે. આ સંબંધો કેળવવામાં અનહદ સમય અને પ્રયત્નો લગાવવામાં આવ્યા છે. ઊપરાંત, સ્થાનિક આગેવાનોએ પણ આમ કરવામાં અનેકવાર નોંધપાત્ર રીતે નાણાં પણ રોક્યા છે. ૨૦૧૫ના મ્યુનિસિપલ ઇલેકશન માટે વોર્ડના સીમાંકનની અપેક્ષિત પુનર્રચનાને કારણે લાંભામાં આવતી અનેક સોસાયટી હવે બહેરામપૂરામાં આવે છે. આ સોસાયટીના સ્થાનિક આગેવાનો આનાથી પરેશાન હતા કારણ કે, લાંભા વોર્ડના અધિકારીઓ સાથેના એમના કેળવેલા સંબંધો હવે નાદુરસ્ત થઇ ગયા છે જેનાથી સવલતો મેળવવી વધુ મુશ્કેલ બની છે.




બોમ્બે હોટલના રહીશો દ્વારા પ્રાથમિક જરૂરીયાતોની અછત સામે વિરોધ
(દિવ્ય ભાસ્કર, મે ૨૯, ૨૦૧૪)

વહીવટકર્તા સાથેના સીધા સંપર્કના અભાવે રહીશોએ પોતાની રજૂઆત કરવા માટે સ્થાનિક આગેવાનો અને રાજકારણીઓ પર આધાર રાખવો પડે છે. મ્યુનિસિપલ ઑફિસ સામે રેલીઓ અને વિરોધપ્રદર્શનો કરીને મૂળભૂત સેવાઓની પ્રાપ્તિ માટે રહીશોને અવાજ ઊઠાવવા માટે સંગઠિત કરવામાં સ્થાનિક આગેવાનોએ મોટી ભૂમિકા ભજવી

છે. અનેક વિરોધપ્રદર્શનો છતાં મૂળભૂત સેવાઓ પૂરી પાડવા માટેની અ.મ્યુ.કો.ની અસમર્થતા કે અનિચ્છાને કારણે રહીશો અને રાજ્ય વચ્ચે મધ્યસ્થી કરવાનો રાજકારણીઓને અવકાશ મળી ગયો. અ.મ્યુ.કો. દ્વારા પૂરી પાડવામાં આવતી મૂળભૂત સેવાઓ આરંભ કરાવવાનું શ્રેય મોટાભાગના રહીશો સ્થાનિક કાઉન્સિલર બદરુદ્દીન શેખ (૨૦૧૦થી) અને વિધાનસભ્ય શૈલેષ પરમાર (૨૦૧૨થી) ને આપે છે. બંને કોંગ્રેસ પાર્ટીના ચૂંટાયેલા સભ્યો છે. છેલ્લા પાંચ વર્ષોમાં આ બંને રાજકરણીઓએ આંતરિક શેરીઓમાં ગટરની લાઈનો, કેટલીક સોસાયટીઓમાં પાકા રસ્તા અને અમુક વિસ્તારોમાં સ્ટ્રીટલાઈટો જેવી સુવિધાઓની જોગવાઈ પોતાનાં બજેટમાંથી કરી આપી છે.

રાજકારણીઓ મત મેળવવા માટે જે-તે વિસ્તારોના રહીશો પર આધાર રાખે છે. બીજી બાજુ રહીશો સરકાર તરફથી મળતી મૂળભૂત સુવિધાઓ મેળવવા માટે રાજકારણીઓ પર આધાર રાખે છે. આ રાજકીય સંરક્ષણ અને આશ્રિતપણાને કારણે થોડી ઘણી સેવાઓ ઉપલબ્ધ થઈ છે, નહીંતર તો સરકાર દ્વારા તેની અવગણના જ કરવામાં આવે છે. પરંતુ, આને કારણે વિકાસ અસમાન રીતે થાય છે. કેમ કે, રાજકારણીઓ પોતાની સાથે જોડાયેલા સ્થાનિક આગેવાનોના વિસ્તારોમાં જ દરમિયાનગીરી કરે છે. બૉમ્બે હોટલની અંદર આવેલા, મજબૂત નેતૃત્વ વિનાના વિસ્તારોમાં રહેતા લોકોએ સરકાર દ્વારા મળતી સેવાઓ પ્રાપ્ત કરવા માટે વધુ સંઘર્ષ કરવો પડે છે.

બૉમ્બે હોટલ વિસ્તારમાં મૂળભૂત સેવાઓની જોગવાઈની અસમાનતા મ્યુનિસિપલ ટેન્કરો દ્વારા પહોંચાડવામાં આવતા પાણીના કિસ્સા પરથી પણ સમજી શકાય છે. પીવાનું પાણી મેળવવા માટે બૉમ્બે હોટલના રહીશો અનહદ સંઘર્ષ કરી રહ્યા હતા. રાજકીય કાર્યકર્તાઓની મધ્યસ્થીને પરિણામે અ.મ્યુ.કો.એ અહીં પાણીનાં ટેન્કર પૂરાં પાડ્યાં. આમ છતાં, અત્યારે ટેન્કરો દ્વારા માત્ર ૩.૫ ટકા જેટલી વસ્તીને થઈ રહે એટલું જ પાણી પૂરું પાડવામાં આવે છે. પરિણામે, પાણી મેળવવા માટે રહીશો વચ્ચે આ મુદ્દે નવા તકરાર ઊભા થાય છે. ટેન્કરો અમુક જ વિસ્તારોમાં પાણી પૂરું પાડે છે. અન્ય વિસ્તારોમાં રહેતા લોકો પૂરતા પાણીના અભાવમાં જ જીવે છે. પરિણામે એમણે બોરવેલમાંથી મળતું દૂષિત પાણી પીને જ ગુજારો કરવો પડે છે. પાણીનાં ટેન્કરોમાંથી પાણી ભરવા માટે લોકોને લાઈનસર ઊભા રાખવાની જવાબદારી કેટલાક સ્થાનિક આગેવાનો લે છે. પરંતુ તેઓ પણ પોતાના તેમજ પોતાના મિત્રો અને સગાંસંબંધીઓ માટે વધારાનું પાણી સુરક્ષિત કરી રાખે છે.




બોમ્બે હોટલના ફૈઝલ નગરમાં પાણીનું ટેન્કર આવતા લોકોની લાઈન લાગે છે

## શહેરી આયોજન અને અનૌપચારિકતા

બૉમ્બે હોટલ વિસ્તાર માટે બનાવવામાં આવેલી બે ટાઉન પ્લાનિંગ (TP) સ્કીમ ૩૮/૧ અને ૩૮/૨ નું મોડું અમલીકરણ મૂળભૂત સેવાઓના અભાવનું એક કારણ છે. ડ્રાફ્ટ TP સ્કીમ માટે કરવામાં આવેલા જમીનના સર્વે (૨૦૦૩-૨૦૦૪માં), TP સ્કીમ્સને મળેલી મંજૂરી (અનુક્રમે ૨૦૦૯ અને ૨૦૦૬માં) તથા TP સ્કીમના અમલીકરણ (૨૦૧૩ના અંતમાં) વચ્ચેના સમયગાળાને પરિણામે અહીં થયેલા અનૌપચારિક વિકાસનો વ્યાપ વધતો ગયો. આથી જ મૂળભૂત સવલતો અને સુવિધાઓ માટે TP સ્કીમમાં ફાળવેલી જમીન પર આજે અનેક મકાનો બંધાયેલા જોવા મળે છે. વધુમાં, TP સ્કીમને ધ્યાનથી જોતાં જણાય છે કે એમાં રસ્તા બનાવવા માટે મોટા પ્રમાણમાં જમીન ફાળવવામાં આવી છે (જુઓ પોલીસી બ્રીફ ૬). સ્કૂલ, ગાર્ડન વગેરે સામાજિક સુવિધાઓ માટે આરક્ષિત કરેલા પ્લોટ પર પહેલેથી જ અનૌપચારિક બાંધકામ થઇ ગયું છે. ૪૦ ચો.મીટરથી ઓછી જગ્યામાં અનૌપચારિક રીતે ઘર બાંધીને રહેતા લોકોને અ.મ્યુ.કો. દ્વારા નો-ઓબ્જેક્શન સર્ટિફિકેટ (NOC) આપવામાં આવે છે, જે પાણી અને ગટર જોડાણની પરવાનગી આપે છે. આ NOC આ આરક્ષિત પ્લોટ પર રહેતા પરિવારોને મળશે નહી. એટલે તેઓને પાણી અને ગટર લાઈન કનેક્શન મળશે કે નહિ તે નક્કી નથી. ઊપરાંત, એમના અનૈતિક બાંધકામોનું ગુજરાત રેગ્યુલરાઇઝેશન ઑફ અનઓથોરાઇઝ્ડ ડેવલપમેન્ટ એક્ટ હેઠળ અધિકૃત કરવા માટે પણ તેઓ અરજી કરી શકશે નહી.

TP સ્કીમના અમલીકરણને કારણે પણ રહીશોએ મૂળભૂત સેવાઓની પ્રાપ્તિ માટે પડકારોનો સામનો કરવો પડે છે. ઉદાહરણ તરીકે, આ વિસ્તારમાં નાખવામાં આવેલી ગટરની લાઈનોને લીધે સોસાયટીઓમાં વોટર ટેન્કરનો પ્રવેશ કઠિન બન્યો છે. પરિણામે, વોટર ટેન્કરને અમુક કોમન વિસ્તારોની ખુલ્લી જગામાં લાવવામાં આવે છે, જેને કારણે વિવિધ સોસાયટીઓના રહીશો વચ્ચે તકરાર થાય છે. બીજી બાજુ, ગટરની લાઈનો નાખવા અને રસ્તા પહોળા કરવા માટે તોડફોડની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. તેમાં ઘરમાં લગાવેલા ટોરન્ટ પાવર ઇલેક્ટ્રિસિટી મીટર પણ તોડી નાખ્યા હતા. નવા મીટર લગાવવા અંગે એમણે ટોરન્ટ પાવર સાથે વાટાઘાટો કરી, ત્યારે એમને ફરી મીટર લગાવવાની પ્રક્રિયાનો તમામ ખર્ચ ભોગવવાનું કહેવામાં આવ્યું. અહીંના લોકોની આર્થિક સ્થિતિને જોતાં મોટા ભાગના લોકોને એ પોસાય એમ ન હતું.

અ.મ્યુ.કો.એ મ્યુનિસિપલ પાણી પૂરું પાડવા માટે વોટર સ્ટોરેજ ટેન્ક (પાણીનો સંગ્રહ કરતી ટાંકી) બનાવવાનું અને ગટરની લાઈનો લગાવવાનું કામ શરૂ કર્યું છે. પણ તે શાળાઓ, સ્વાસ્થ્ય કેન્દ્રો, બાગ-બગીચા જેવી સામાજિક સુવિધાઓને પ્રાથમિકતા આપતી નથી. એનું કારણ આપતા એ જણાવે છે કે આ સુવિધાઓ માટે આરક્ષિત કરેલી જગ્યાઓ પર મકાનો બની ગયા હોવાથી એની કિંમત રહીશોએ આ સુવિધાઓનો અભાવ ભોગવીને ચૂકવવી રહી. સામાજિક સવલતોના અભાવની અસર લોકોના જીવનની ગુણવત્તા અને વિકાસ માટે જરૂરી તકો પર પડશે.

## પૉલિસીની ભલામણો

- TP સ્કીમ્સમાં દર્શાવેલી મૂળભૂત સેવાઓ અને સુવિધાઓ બૉમ્બે હોટલના રહીશો સુધી પહોંચાડવાનું કામ ઝડપથી થવું જોઈએ. સાથેસાથે TP સ્કીમની રચના અને અમલમાં ફેરફારો કરવા જોઈએ. આ કાર્ય સંવેદનશીલતા, પારદર્શિતા તેમજ સહભાગીપણાની વૃત્તિથી થાય એ પણ જરૂરી છે. ૨૦૦૩-૨૦૦૪માં બૉમ્બે હોટલનો સર્વે કરવામાં આવ્યો એના કરતાં અત્યારની વસ્તીવિષયક અને સામાજિક-આર્થિક પરિસ્થિતિમાં ઘણો બદલાવ આવ્યો

છે. અહીંના લોકોને યોગ્ય માત્રામાં અને યોગ્ય પ્રકારની સવલતો પૂરી પાડવા માટે અગાઉની માહિતીમાં સુધારા કરવાની જરૂર છે. રહીશોના અને સ્થાનિક આગેવાનોના મંતવ્યો TP સ્કીમની રચના અને અમલીકરણમાં સમાવેશ કરવા જોઈએ. સ્ત્રીઓ અને બાળકોની વિશિષ્ટ જરૂરિયાતોને પણ ધ્યાનમાં લઈને TP સ્કીમની રચના કરવી જોઈએ.

- શહેરનું તેમજ વોર્ડ સ્તરનું બજેટ બનાવવાનું કાર્ય ઉત્તરદાયી અને પારદર્શક હોવું જોઈએ. દરેક વિસ્તારના વિકાસ માટે નિર્ધારિત કરેલા કે વાપરવામાં આવેલા નાણાં માટે પણ આ બાબત લાગુ પડે છે. એટલું જ નહીં, આની જાણકારી સ્થાનિક આગેવાનો તેમજ રહીશોને પણ આપેલી જોઈએ.
- વૉર્ડના સ્તરના બજેટમાં સ્થાનિક સ્તરે ચૂંટાયેલા પ્રતિનિધિઓના ખર્ચનો પણ સમાવેશ કરવો જોઈએ, કેમ કે, લોકસભાના સભ્ય, ધારાસભ્ય કે કાઉન્સીલરના મતલબ મુજબ (દા.ત. માત્ર ચોક્કસ મતદારો માટે, તેમજ માત્ર ચુંટણીના સમય દરમ્યાન વગેરે) ફંડનો ઉપયોગ કરવામાં આવતો હોવાથી અસમાન વિકાસ થાય છે.
- ગરીબ પરિવારોને મૂળભૂત સવલતો રાહતદરે પૂરી પાડવી જોઈએ અને તેની ચૂકવણી માટે વિકલ્પો પૂરા પાડવા જોઈએ.

**સંશોધનની પદ્ધતિઓ**

* સ્થાનિક આલેખન (Locality mapping) તથા સમુદાયની રૂપરેખા
* અનૌપચારિક વાતચીત
* ૧૬ ફોક્સ ગ્રુપ ડિસ્કશન્સ (FGDs -સ્ત્રી અને પુરુષો)
* ૨૧ વ્યક્તિગત ચર્ચા
* રાજકીય અગ્રણીઓ તથા નગરપાલિકાના અધિકારીઓ સાથેની મુલાકાતો
* માસ્ટર્સ થિસીસઃ પરિવહન અને સ્ત્રીઓની સલામતી પર આધારિત ૮ FGDs

Funded by

સરનામું : સેન્ટર ફોર અર્બન ઇક્વિટી (સી.યુ.ઈ.), સેપ્ટ યુનીવર્સીટી, કસ્તુરભાઈ લાલભાઈ કેમ્પસ, યુનીવર્સીટી રોડ, નવરંગપુરા, અમદાવાદ -380009
ટેલીફોન: 079-630 2740 એક્સટેન્સન ન. 473
વેબસાઈટ : **www.cept.ac.in/cue** ઈમેલ: **cue@cept.ac.in**